એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૫૮ |
| અમદાવાદ | ૧૭૭ |
| ગાંધીનગર | ૩૬ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૫ — ૧૪ ઓક્ટોબર, ૨૦૨૦, બુધવાર; અ. આસો વદ - ૧૨ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજસ્થાનમાં સત્તાનું રાજકારણ વધુ વકર્યું

**રાજસ્થાન કોંગ્રેસમાં ફરી બળવો, દલિતોના કામ ન થતા હોવાની રાવ : ધારાસભ્ય બાબૂલાલ બૈરવાએ બ્રાહ્મણ પ્રધાનો દલિતોનું કામ ન કરતા હોવાનો આક્ષેપ લગાવી રાહુલ પાસે જવાબ માગ્યો : ગુર્જરોના મતથી જીત્યાનો દાવો**

જયપુર, તા. ૧૩

રાજસ્થાન કોંગ્રેસમાં ફરી બળવો શરૂ થયો છે. કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્ય બાબુલાલ બૈરવાએ આરોપ લગાવ્યો છે કે સરકારમાં ન તો દલિત ધારાસભ્યોની વાત સાંભળવામાં આવે છે કે ન કર્મચારીઓની કોઈ સુનાવણી થાય છે. બૈરવાએ કહ્યું કે અશોક ગેહલોત સરકારમાં દલિતો કામ નથી થતા. સરકારમાં બેઠેલા બ્રાહ્મણ પ્રધાનો દલિતો માટે કામ કરતા નથી. તેમણે એમ પણ



કહ્યું કે મુખ્યપ્રધાન ગેહલોતની જાતિના માલી મતદારોએ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત આપ્યા નહતા. સચિન પાયલોટની જાતિ ગુર્જરોએ કોંગ્રેસને મત આપ્યા હતા, પાયલોટે પણ મને પણ મત અપાવ્યા તેથી હું તેમનો આદર કરું છું. બૈરવાએ કહ્યું કે ચાર મહિના પહેલા પાયલોટે બળવો કર્યો ત્યારે સરકારને બચાવવા અમે ગેહલોત સાથે હોટલમાં રોકાયા હતા. પાયલોટે મને ગુર્જરના મતો અપાવ્યા, પરંતુ તેમ છતાં હું ગેહલોત સાથે રહ્યો. હું કોંગ્રેસની સરકાર ગબડવા માંગતો નહોતો, તેથી મજબૂરીમાં પાઈલટ સાથે ન ગયો અને ગેહલોત સાથે રહ્યો. તેમણે કહ્યું કે પાયલોટનું મારા પર ખૂબજ મોટું ઋણ છે હું ગુર્જરના મતથી જીત્યો છું, માલિઓએ તો મત પણ આપ્યા નથી. ચોથી વખત ધારાસભ્ય બનેલા બૈરવાએ કહ્યું કે મેં ૬ વખત ચૂંટણી જીતી ચૂકેલા વરિષ્ઠ ધારાસભ્ય પરસરામ


● અનુસંધાન પાન-૭ પર


# જૉનસન એન્ડ જૉનસનની કોરોના વેક્સીનની ટ્રાયલ પર રોક

**વ્યક્તિ બીમાર પડતા કંપનીનું ટ્રાયલ રોકી દેવામાં આવ્યું : જોનસન એન્ડ જોનસનની એડીર૬-સીઓવીર-એસ વેક્સિન અમેરિકામાં ચોથી એવી વેક્સિન છે જે અત્યારે ક્લિનિકલ ટ્રાયલના અંતિમ તબક્કામાં છે**

વૉશિંગ્ટન,તા.૧૩

દુનિયાભરમાં કોરોના વાયરસ મહામારીએ કેર વર્તાવ્યો છે ત્યારે વિશ્વભરની કંપનીઓ કોવિડ ૧૯ની રસી વિકાસાવવાની કવાયતમાં લાગી ગઈ છે. હાલમાં દેશમાં સંખ્યાબંધ કંપનીઓ કોવિડ ૧૯ની વેક્સીનનું નિર્માણ કરવા તેના ટ્રાયલ હાથ ધરી રહી છે. જોનસન એન્ડ જોનસને પોતાની કોરોના વેક્સીનની ટ્રાયલ પર રોક લગાવી દીધી છે. ટ્રાયલ્સમાં ભાગ લેનાર એક સ્વયંસેવકમાં કોઈ બીમારી જણાતા કંપનીને તેની ટ્રાયલ્સ અટકાવવાની ફરજ પડી છે.

જોનસન એન્ડ જોનસને આ વાતની પુષ્ટિ કરી હતી કે તેમની કોવિડ ૧૯ની વેક્સીનની ટ્રાયલ્સમાં એક સ્વયંસેવકને બીમારી તેમજ કેટલી પ્રતિકૂળ અસર જોવા મળતા હાલમાં ટ્રાયલ સ્થગિત રાખવામાં આવી છે. અગાઉ બ્રિટનની એસ્ટ્રાઝેનેકાએ પણ તેની કોરોનાની રસીના અંતિમ તબક્કાના ટ્રાયલને અટકાવી દીધું હતું. ચાલુ મહિનાના પ્રારંભે જોનસન એન્ડ જોનસન અમેરિકામાં વેક્સીન ઉત્પાદકોની શોર્ટ લિસ્ટમાં સામેલ થઈ હતી. જોનસન એન્ડ જોનસની એડીર૬-સીઓવીર-એસ વેક્સીન અમેરિકામાં ચોથી વેક્સીન છે જે ક્લિનિકલ ટ્રાયલ્યના અંતિમ તબક્કામાં છે.

# ચીન એપ્રિલ પહેલાની યથાસ્થિતિ પૂર્વવત કરે

**સૈનિકોને હટાવે : ભારતની સ્પષ્ટ વાત : ભારત-ચીને ઊંચાઈવાળા વિસ્તારોમાં લાખ જેટલા સૈનિકો તૈનાત કર્યા છે જે લાંબા ગતિરોધ માટે અડગ રહેવાની તૈયારી**

નવી દિલ્હી,તા.૧૩

પૂર્વ લદાખમાં તણાવના સમાધાન માટે ભારતે સોમવારે ચીન સાથે સાતમા તબક્કાની સૈન્ય વાર્તામાં ચીનને એપ્રિલ પહેલાની યથાસ્થિતિ પૂર્વવત કરવા અને વિવાદના તમામ પોઈન્ટ્સથી ચીની સૈનિકોની સંપૂર્ણ વાપસી કરાવવાનું કહ્યું. સરકારી સૂત્રોએ આ જાણકારી આપી. તેમણે જણાવ્યું કે પૂર્વ લદાખમાં કોર કમાન્ડર સ્તરની વાર્તા બપોરે લગભગ ૧૨ વાગે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચુશુલના ભારતીય વિસ્તારમાં થઈ. સરહદ વિવાદ છઠ્ઠા મહિનામાં પ્રવેશી ચૂક્યો છે અને વિવાદના જલદી ઉકેલના કોઈ સંકેત નથી કારણ કે ભારત



અને ચીને ખુબ જ ઉંચાઈવાળા વિસ્તારોમાં


● અનુસંધાન પાન-૭ પર


## છેલ્લે... છેલ્લે...


- ઉ.પ્રદેશ-ઉત્તરાખંડની રાજ્યસભા ચૂંટણી જાહેર: ૯ નવેમ્બરે મતદાન
- કોરોના રસી આવતા વર્ષની શરૂઆતમાં ઉપલબ્ધ થાય તેવી સંભાવના: ડબલ્યુએચઓ
- તમામ સરકારી સ્કૂલોમાં હાઈટેક ડિજિટલ ક્લાસ ધરાવતું દેશનું પહેલું રાજ્ય બન્યું કેરળ
- દિલ્હીમાં હવા ભયજનક સ્તરે: એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૩૩૨ની સપાટીએ
- ટ્રમ્પ સામે જો બિડેનના જીતવાની શક્યતા ૮૯.૧ ટકા: ચૂંટણી સર્વેક્ષણ
- ફોર્બ્સની સૌથી ધનિક મહિલાઓની યાદીમાં ઓપી જિંદાલ ગ્રુપના સાવિત્રી જિંદાલ ટૉચ પર, કિરણ મઝુમદાર બીજા સ્થાને
- તહેવારોમાં ૧૯૬ સ્પેશ્યલ ટ્રેનો દોડાવાશે.
- હિમાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા
- બાબા રામદેવ હાથી પર યોગા કરતા પડી ગયાનો વિડીયો વાયરલ

# મહારાષ્ટ્રમાં મંદિર ખોલવા મુદ્દે રાજ્યપાલ-મુખ્યમંત્રી સામ-સામે

**કોશ્યારીની ટિપ્પણ પર ઉદ્ધવ ઠાકરે-સંજય રાઉત વિફર્યા : મારે હિન્દુત્વના સર્ટિફિકેટની જરૂર નથીઃ ઉદ્ધવ ઠાકરે : ભાજપે મંદિર ખોલવા મુદ્દે પ્રદર્શન કર્યું, અનેક કાર્યકર્તાઓની અટકાયત**

મુંબઈ, તા. ૧૩

મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળોને ખોલવાને લઈને રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી અને ઉદ્ધવ ઠાકરે





સરકાર સામ-સામે આવી ગયા છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સમક્ષ મંદિર ખોલવાની માગ કરતા રાજ્યપાલે હિંદુત્વની વાત યાદ અપાવી તો શિવસેના ભડકી ઉઠી છે. હિંદુત્વ પર ઉદ્ધવ ઠાકરે બાદ હવે શિવસેના નેતા સંજય રાઉતે જવાબ આપ્યો છે અને કહ્યું છે કે શિવસેના હિંદુત્વ ના ભૂલી છે અને ના ક્યારેય ભૂલશે. ઉલ્લેખનીય છે કે મંદિર ખોલવાની માંગ બાદ સંજય રાઉતે સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે પણ મુલાકાત કરી હતી.

સંજય રાઉતે કહ્યું કે, “શિવસેનાએ હિંદુત્વને ક્યારેય નકાર્યું નથી, ના ભૂલ્યું છે અને ના ક્યારેય ભૂલશે. હિંદુત્વ શિવસેનાનો પ્રાણ છે. આત્મા છે અને હંમેશા સાથે રહેશે. જેમણે શિવસેના પર પ્રશ્ન ઉઠાવ્યો છે તેમણે આત્મચિંતન કરવું જોઈએ, જે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં ૩ પાર્ટીની સરકાર ચાલી રહી છે, તે ઘણી મજબૂત છે અને નિયમોનું પાલન કરીને ચાલી રહી છે.” તેમણે આગળ કહ્યું કે, “મંદિર અને બારની તુલના કરવી ખોટું છે. વડાપ્રધાન મોદીએ પણ આજે કહ્યું કે મહારાષ્ટ્રમાં કોરોનાનો ખતરો ટળ્યો નથી. જો દેશના પીએમને અહીં કોરોનાનો ખતરો લાગી રહ્યો છે તો મહારાષ્ટ્રના રાજ્યપાલે વિચારવું જોઈએ.”

ઉલ્લેખનીય છે કે આ પહેલા રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ ઉદ્ધવ ઠાકરેને ચિઠ્ઠી લખીને મંદિર ખોલવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતુ કે, ૧ જૂનના તમે મિશન ફરી શરુ કરવાની જાહેરાત કરી, પરંતુ ૪ મહિના બાદ પણ પૂજા સ્થળ ફરી નથી ખુલ્યા. તેમણે કહ્યું હતુ કે, આ વિડમ્બના છે કે સરકારે બાર અને રેસ્ટોરન્ટ ખોલી દીધા છે, પરંતુ દેવી અને દેવતાઓના સ્થળને નથી ખોલ્યા. તેમણે કહ્યું કે, તમે હિંદુત્વના મજબૂત પક્ષધર રહ્યા છો. તમે ભગવાન રામ પ્રત્યે સાર્વજનિક રીતે પોતાની ભક્તિ વ્યક્ત કરી.

શું તમે અચાનક ખુદને ધર્મનિરપેક્ષ બનાવી લીધા છે જે શબ્દથી તમને નફરત છે?

રાજ્યપાલની ચિઠ્ઠીનો ઉદ્ધવ ઠાકરેએ પણ જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, ધાર્મિક સ્થળોને ખોલવાને લઈને સરકાર વિચાર


● અનુસંધાન પાન-૭ પર


# દિલ્હીમાં પોસ્ટર વોર : ફારૂક અબ્દુલાને ચીન દત્તક લઈ લે

**કાશ્મીર અંગે નેતાના નિવેદનને લઈને વિરોધ : ચીનના દૂતાવાસની બહાર હિન્દુ સેના દ્વારા સાંસદ ફારૂક અબ્દુલ્લાના નિવેદનના વિરોધમાં પોસ્ટર લગાવાયા**

નવી દિલ્હી, તા. ૧૩

કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અંગે સાંસદ ફારૂક અબ્દુલ્લાનું તાજેતરનું નિવેદન હવે તેમના ગળામાં હાડકું ફસાવા સમાન બન્યું છે. હકીકતમાં, એક ચેનલને અપાયેલી એક વિશિષ્ટ મુલાકાતમાં જમ્મુ-કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારૂક અબ્દુલ્લાએ કહ્યું હતું કે તેઓ ચીનની સહાયથી કલમ ૩૭૦ અને આર્ટિકલ ૭ ૩૫ એનો ફરીથી અમલ કરાવશે. ફારુકના નિવેદનને ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રવિરોધી ગણાવ્યું છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ આ નિવેદનની કડક ટીકા કરી છે. આ સાથે ફારૂક અબ્દુલ્લાના નિવેદનની આખા દેશમાં ટીકા થઈ




રહી છે. દરમિયાન, નવી દિલ્હીમાં ચીની


● અનુસંધાન પાન-૭ પર


## ટેલીફોનીક બેસણું



ચા. મ. મોઢ બ્રાહ્મણ મૂળ કોયલી, હાલ ગાંધીનગર તે શ્રી રમણિકભાઈ, પ્રવિણભાઈ. સ્વ. ડો. બળવંતભાઈ તથા રાજુભાઈના મોટાભાઈ, સજનપરવાળા સ્વ. ઉમિયાશંકર પ્રાગજીભાઈ જોષીના જમાઈ અને અમારા પિતાશ્રી **કાન્તિભાઈ નારણજી પંડ્યા** (કે. એન. પંડ્યા, નિવૃત હિસાબી અધિકારી અને તજજ્ઞ)નો તા.૧૨-૧૦-૨૦ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

**વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને ટેલીફોનીક બેસણું તા.૧૫-૧૦-૨૦૨૦ને ગુરૂવારને સવારે ૯ થી ૧૨ દરમ્યાન રાખેલ છે**

પ્રવિણભાઈ એન. પંડ્યા (ભાઈ) - M. 96625 43919

| | |
|---|---|
| ભરત કે. પંડ્યા (પુત્ર) M. 98981 47072 | દક્ષા બી. પંડ્યા (પુત્રવધુ) M. 98986 30529 |
| રાજેશ કે. પંડ્યા (પુત્ર) M. 98245 43073 | પ્રીતિ આર. પંડ્યા (પુત્રવધુ) M. 98246 55677 |
| નિલેશ કે. પંડ્યા (પુત્ર) M. 98245 43070 | પૂર્ણિમા એન. પંડ્યા (પુત્રવધુ) M. 99982 38370 |
| ડો. ચિરાગ બી. પંડ્યા (પૌત્ર) M. 90999 62599 | ડો. દિશા સી. પંડ્યા (પૌત્રવધુ) M. 98792 12349 |
| ડો. મિહિર બી. પંડ્યા (પૌત્ર) M. 99781 36367 | ડો. બિંદી એમ. પંડ્યા (પૌત્રવધુ) M. 99133 77282 |
| ડો. પાર્થ એન. પંડ્યા (પૌત્ર) M. 99938 34631 | ડો. કિન્નરી પી. પંડ્યા (પૌત્રવધુ) M. 94083 78386 |
| ડો. હર્ષ એન. પંડ્યા (પૌત્ર) M. 91793 14239 | ડો. લિના આર. પંડ્યા (પૌત્રી) M. 94834 06443 |

ફર્મ : ગુજરાત બુક સ્ટોર્સ પ્રા. લિ., ગાંધીનગર






# હું પોતાને હવે વધુ પાવરફુલ અનુભવું છું : રાષ્ટ્રપતિ ટ્રમ્પ

**કોરોનામાંથી સ્વસ્થ થયેલા ટ્રમ્પે રેલીમાં ફેન્સને કહ્યું : વ્હાઈટ હાઉસના ફિજિશિયન સીન કોનલેએ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હોવાની માહિતી જાહેર કરી હતી**

વૉશિંગ્ટન,તા.૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો કોરોના વાયરસ ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. વ્હાઈટ હાઉસના ફિઝિશયને આ વાતની પુષ્ટિ કરી છે. તેની સાથે જ કોરોના સંક્રમણથી સ્વસ્થ થઈ ચૂકેલા ટ્રમ્પે ચૂંટણી અભિયાન ફરીથી શરૂ કરી દીધું છે. તેઓ ફ્લોરિડામાં રેલી કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીને ૨૨ દિવસની વાર છે ત્યારે ફ્લોરિડા રેલી દરમિયાન ટ્રમ્પે કહ્યું કે હું પહેલા કરતા પણ મારી જાતને વધારે પાવરફુલ સમજુ છું. હું કોરોનામાંથી પસાર થયો અને હવે તેઓ મને કહે છે કે હું ઈમ્યુન થઈ ગયો છું. ટ્રમ્પે પોતાના અંદાજમાં વિશાળ રેલીને સંબોધતા કહ્યું કે, ’હું ખૂબ જ પાવરફુલ અનુભવું છું. હું તમારા બધાની વચ્ચે આવીશ, હું તમને દરેકને કિસ પણ આપીશ, પુરુષો અને સુંદર સ્ત્રીઓ બંનેને કિસ કરીશ કારણ કે હું બિલકુલ ઈમ્યુન અનુભવું છું.

વ્હાઈટ હાઉસના ફિજિશિયન સીન કોનલેએ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હોવાની જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ હવે સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય છે. અને તેમને કોઈ ખતરો નથી.

સીને પ્રેસ સેક્રેટરી કાયલે મૈકનેનીને આ વાતની લેખિત જાણકારી આપી હતી. સંક્રમણથી સ્વસ્થ થયા બાદ હવે ટ્રમ્પે ચૂંટણી અભિયાન શરુ કરી દીધુ છે. સીન કોનલેએ જણાવ્યું કે ટ્રમ્પે હાલમાં કોરોના સામે ઈમ્યુનિટિ ડેવલપ કરી લેવાનો દાવો પણ કર્યો હતો.